# મેં નીરખ્યાં

– નવીન જોષી

મેં નીરખ્યાં ફૂલ મજાનાં

ચમનમાં નીરખ્યાં ફૂલ મજાનાં

હસતી નીરખી, જુઈ ચમેલી

ડોલર દીઠી ઘેલી ઘેલી

રસને ચૂસતાં ભમરાં રાણા ........ચમનમાં

માદક ચંપો બોલાવે છે બોરસલીને

સૂરજમુખી સાદ કરે છે ગુલકળીને

સરગમ છેડે મોગર નાનાં ........ચમનમાં

નીલફૂવારે જળધાર વહે છે

કેદ કરેલું મેઘધનુ આઝાદ બને છે !

ગાતાં દીઠાં વિહંગ ગાણાં ........ચમનમાં

વિવિધ રંગી ફૂલો ઝૂલતા

વાયુસંગી સુગંધી ભરતાં

નર્તન કરતાં જુગનુ છાના ........ચમનમાં

